| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | | ૧૭/૧૦/૨૦૧૪ | |
| નોંધ્યા તારીખ | | ૧૭/૧૦/૨૦૧૪ | |
| ફેંસલ તારીખ | | ૨૫/૦૩/૨૦૧૯ | |
| સમય ગાળો | -વર્ષ | -માસ | -દિવસ |

**ગાંધીનગરના મે. બીજા એડી.સીની.સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ.ગાંધીનગર**

**સ્પે.દી.મુ.નં. ૨૬૩/૨૦૧૪**

**આંક :-**

**વાદી -** **અનીલ રતીલાલ ક્રિશ્ચીયન**

ધર્મે જાતે ક્રિશ્ચીયન, પુખ્ત વયના,

**રહેવાસી -** ૧૯, સત્સંગ સોસાયટી, મણીનગર પુર્વ, અમદાવાદ

**વિરુધ્ધ**

**પ્રતીવાદી** **સીંગ પવનગસિંગ ધીરેન્દ્રનારાયણ**

ધર્મે જાતે હિદું, પુખ્ત વયના,

**રહેવાસી -** જી.નગર, ટેનામેન્ટ નંબર-૧૨૦૮, ૭૬૪, એમ.આઈ.જી. સ્કીમ-૭, ગાંધીનગર

**દાવો** રુપીયા ૧૦,૫૦,૩૦૦/-ના આંકથી

**વાદી તરફે વિ.વ.શ્રી ટી.ટી.ટીવારી**

**પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી જી.એમ.પટેલ**

**-:: જજમેન્ટ ::-**

૧. **વાદીની દાવાઅરજીની હકીકત મુજબ,** વાદી દાવાઅરજીમા જણાવેલ સરનામે રહી ખરો અને કાયદેસરનો ધંધો રોજગાર કરે છે અને શાતીપ્રિય નાગરીક છે. વધુમાં

વાદીની દાવાઅરજીની હકીકત મુજબ, પ્રતીવાદી વાદીના ઓળખીતા છે અને વાદી સાથે મિત્રતાના સબંધો છે અને દાવાઅરજીમા જણાવેલ સરનામે રહે છે. **વધુમાં વાદીની દાવાઅરજીની હકીકત મુજબ,** સને ૨૦૧૧ના અરસામાં પ્રતીવાદીને તેમના અંગત કારણોસર નાણાની જરુરીયાત પડતાં વાદી પાસેથી નાણાની માંગણી કરેલી જેથી વાદીએ મિત્રતના સબંધોના કારણે તારીખ–૨૧/૦૭/૨૦૧૧ના રોજ રુપીયા ૨,૦૦,૦૦૦/– અંકે રુપીયા બે લાખ પુરા વાદીની સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, મણીનગર શાખાના ચેક નંબર–૩૮૩૧૮૬ થી હાથ ઉછીના પ્રતીવાદીને આપેલા અને પ્રતીવાદીએ સદરહુ રકમ ટુંક સમયમાં ચુકવી આપવાનો વાયદો કરેલ પરંતુ પ્રતીવાદીની આર્થીક સ્થીતી દિવસે દિવસે બગડતી ગયેલી તેથી વાદીની ખરી અને કાયદેસરની રકમ ચુકવી આપેલ નહી ઉલટાનુ ત્યારબાદ પણ પ્રતીવાદીએ વાદી પાસેથી બે બખત ટુકડે ટુકડે રુપીયા ૨,૭૫,૦૦૦/– તથા રુપીયા ૨,૭૫,૦૦૦/– તેમજ બીજા વધારાના રુપીયા ૩,૦૦,૦૦૦/– અંકે રુપીયા ત્રણ લાખ એમ મળી કુલ રુપીયા ૧૦,૫૦,૦૦૦/– અંકે રુપીયા દશ લાખ પચાસ હજાર પુરા હાથ ઉછીના લીધેલા અને તેની પહોંચ કરી આપેલી એટલુ જ નહી પ્રતીવાદીએ વાદીને તેમની માલીકી કબજા ભોગવટાનુ ગાંધીનગર ખાતે ૭૬૪, એમ.આઈ.ઝી સ્કીમ, સેકરટ–૨૭ ખાતે આવેલ મકાન નંબર–૧૨૦૮ જી.નગર વાળુ મકાન વેચાણ આપવાની પાકી ખાત્રી અને ભરોસો આપી સદરહુ મકાન ઉપર વાદીનો પ્રથમ ચાર્જ ઉભો કરેલ અને વાદી પાસેથી રુપીયા ૧૦,૫૦,૦૦૦/– સદરહુ હકીકતે હાથ ઉછીના લીધેલ હતા. **વધુમાં વાદીની દાવાઅરજીની હકીકત મુજબ,** છેલ્લે તારીખ–૩૧/૦૧/૨૦૧૪ના રોજ વાદીનુ લેણુ કબુલ રાખી તારીખ – ૧૫/૦૨/૨૦૧૪ સુધીમાં વાદીની તમામ

રકમ ચુકતે વસુલ આપી દેવાનુ લખાણ કરી આપેલ હતુ. **વધુમાં વાદીની દાવાઅરજીની હકીકત મુજબ,** વાદીએ પ્રતીવાદી પાસે વાદીને આપેલ હાથ ઉછીની રકમની વારંવાર માંગણી કરતા કરાવતા આજ દિન સુધી કોઈ રકમ ચુકવી આપેલ નથી અને વારંવાર ખોટા વાયદા કરી સમય વિતાવ્યે જાય છે અને છેલ્લે વાદીને જાણવા મળેલ કે, પ્રતીવાદી તેમની માલીકી કબજા ભોગવટાનુ મકાન અન્ય ત્રાહીતને વેચાણ કરી દેવા માંગે છે આથી વાદીએ પ્રતીવાદી પાસે વાદીના ખરા અને કાયદેસરના લેણા નાણાની માંગણી કરતા પ્રતીવાદી વાદી ઉપર ઉશ્કેરાઈ ગયેલા અને થાય તે કરી લેવાની ધમકી આપેલ અને તેમની માલીકીની મિલકત વેચાણ કરીને ગાંધીનગર છોડીને અન્ય જગ્યાએ ચાલ્યા જવાની પેરવી કરી રહેલ છે અને જો તેમ કરવામાં વાદી સફળ થાય તો વાદીની જીંદગીભરની બચત ડુબી જાય તેમ છે તેથી વાદીને હાલનો આ દાવો કરવાની જરુર પડેલ છે. **વધુમાં, વાદીની દાવાઅરજી વંચાણે લેતા,** દાવાઅરજીના **પેરા–૮(અ)માં** પ્રતીવાદીની જાતથી તેમજ તેમની હરેક પ્રકારની સ્થાવર તથા જંગમ મિલકતોમાંથી વાદીની મુદ્દલ રકમ રુપીયા ૧૦,૫૦,૦૦૦/– પુરા દાવાની તારીખ થી વસુલ થતા સુધીના ૧૮% લેખેના ચઢતા વ્યાજ સહીત વસુલ કરી લઈએ તેવુ હુકમનામુ વાદીના લાભમાં અને પ્રતીવાદી વિરુધ્ધ ફરમાવવાની તથા **પેરા–૮(બ)માં** વાદીની દાવાઅરજીમાં જણાવેલ પ્રતીવાદીની માલીકીની મિલકત પ્રતીવાદી અન્ય કોઈ ત્રાહીત સખ્સ, સંસ્થા કે પેઢી કે અન્ય કોઈને વેચાણ, ગીરો કે બક્ષીશ કે અન્ય કોઈ પણ રીતે ટ્રાન્સફર કે એસાઈન કરે કરાવે નહી કે સદરહુ મિલકત ઉપર બીજા કોઈનો કોઈ પણ જાતનો બોજો કે ચાર્જ ઉપસ્થીત કરે કરાવે નહી કે સદરહુ મકાનની હાલની પરીસ્થીતીમાં કોઈ જ ફેરફાર કરે કરાવે નહી તેવો કાયમી

મનાઈહુકમ વાદીના લાભમાં અને પ્રતીવાદી વિરુધ્ધ ફરમાવવાની દાદ વાદીએ માંગેલ છે.

૩. **સદરહું દાવાનું રેકર્ડ ધ્યાને લેતાં વાદીએ હાલનો આ દાવો કરી તેની સાથે** સીવીલ પ્રોસીજર કોડના ઓર્ડર ૩૯ રુલ ૧–૨ ની જોગવાઈ અન્વયેની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી રજૂ કરેલ. વાદીએ હાલનો દાવો તથા મનાઈઅરજી રજુ કરતાં પ્રતિવાદી વિરુધ્ધ દાવાનો સમન્સ તથા મનાઈઅરજીની નોટીસ કાઢવામાં આવેલ જેની બજવણી થઈ જતાં પ્રતિવાદીએ આંક–૧૨ થી વાદીની દાવાઅરજી તથા મનાઈઅરજી વિરુધ્ધ લેખીત જવાબ રજુ કરેલ છે અને **તેમાં પ્રતીવાદીએ વાદીની દાવાઅરજીની હકીકતોને ઈન્કાર કરી તેમાં જણાવેલ છે કે,** વાદીને હાલનો દાવો કરવાનુ કારણ મળેલ નથી, પ્રતીવાદી વાદીને ઓળખતા જ નથી કે તેમની સાથે મિત્રતા નથી, વાદી પાસેથી પ્રતીવાદીએ કોઈ પણ જાતની રકમ મેળવેલ નથી, પ્રતીવાદીની જે સહીઓ પહોંચમાં દર્શાવેલ છે તેમા પ્રતીવાદીએ કોઈ લખાણ કરેલ હોચ તેવુ બનેલ નથી અને તે તમામ એક જ ટાઈપ રાઈટીંગ મશીન ઉપર કરેલાનુ જણાચ છે, વાદી ધ્વારા ખોટી રકમ પડાવવા હાલનો આ દાવો તથા મનાઈઅરજી કરેલ છે, દાવાઅરજીમા જણાવેલ મકાન ઉપર પ્રતીવાદીએ વાદી પાસેથી કોઈ રકમ લીધેલ નથી અને પ્રતીવાદીની માલીકીના મકાન ઉપર મનાઈ હુકમ મેળવવા વાદીએ ખોટો દાવો કરેલ છે જે ખોટો અને ગેરકાયદેસરનો સાબીત થયે સ્પેશ્ચલ કોસ્ટ રુપે સી.પી.સી. કલમ–૩૫ મુજબની કાર્યવાહી કરી આપવા હુકમ કરશોજી.

૪. **સદરહુ દાવાના કામનુ રેકર્ડ ધ્યાને લેતા** વાદીની આંક–પની કામચલાઉ મનાઈહુકમની અરજી તત્કાલીન સીવીલ જજશ્રીએ નામંજુર કરેલ છે.

૫. ત્યારબાદ **આંક–૧૭ થી** સદરહું દાવાના કામમાં ન્યાય નિર્ણય માટે **મુદ્દાઓ** કાઢવામાં આવેલ છે.

૬. **સદરહુ દાવાનુ રેકર્ડ ધ્યાને લેતા** આંક–૧૭ થી મુદ્દા નિમ્યા બાદ વાદીને પુરાવો રજુ કરવા માટે પુરતી તક આપવા છતાં વાદી તરફે પુરાવો રજુ ન કરતા તેઓનો પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ. આમ, વાદી તરફે સદરહુ દાવાના કામે કોઈ પણ પ્રકારનો પુરાવો રજુ થયેલ નથી.

**ત્યારબાદ, સદરહુ દાવાનુ રેકર્ડ ધ્યાને લેતા પ્રતીવાદી તરફે નિચે મુજબનો પુરાવો રજુ થયેલ છે.**

**–: પ્રતીવાદી તરફે રજૂ થયેલ મૌખીક પુરાવો :–**

| અ.નં. | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | સીંગ પવનસિંહ ધીરેન્દનારાયણનો મૌખીક પુરાવો | ૨૦ |

આમ, પ્રતીવાદી તરફે ઉપર મુજબનો મૌખીક પુરાવો રજુ થયેલ છે.

૭. ત્યારબાદ દાવાના કામે પ્રતીવાદીના વિ.વ.શ્રીની દલીલ સાંભળામાં આવેલી. વાદી તરફે કોઈ હાજર ન હોવાથી તેઓની દલીલ સાંભળી શકાયેલ નથી.

૮. સદરહું દાવાના કામમાં **આંક–૧૭ થી** કરવામાં આવેલ **મુદ્દા નીચે મુજબ છે.**

**–:: મુ દ્દા ::–**

**૧. શુ વાદી પુરવાર કરે છે કે,** તેઓ પ્રતીવાદી સાથે ઓળખાણ અને મિત્રતાના સબંધો ધરાવે છે અને તે નાતે તેઓએ પ્રતીવાદીને ટુકડે ટુકડે કુલ રુપીયા ૧૦,૫૦,૦૦૦/– ( અંકે રુપીયા દશ લાખ પચાસ હજાર પુરા ) હાથ

ઉછીના આપેલ છે અને પ્રતીવાદીએ તે મળ્યા બદલની પહોંચો વાદીને લખી આપેલ છે ?

**૨. શુ વાદી પુરવાર કરે છે કે,** પ્રતીવાદીએ હાથ ઉછીની લીધેલ રકમના બદલામાં ૭૬૪, એમ.આઈ.ઈનુ સ્કીમ, સકેટર–૨૭, ગાંધીનગર ખાતે આવેલી પોતાની માલીકી કબજા ભોગવટાનુ મકાન નંબર–૧૨૦૮, જી.નગર વાળુ વેચાણ આપવાની ખાત્રી અને ભરોસો આપેલ અને તે મકાન પ્રતીવાદી અન્ય ત્રાહીતને વેચાણ કરવા માંગે છે ?

**૩.** શુ વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

**૪.** શુ હુકમ અને હુકમનામુ ?

**ઉપરોકત મુદ્દાઓના મારા નીર્ણયો નીચે મુજબ છે.**

**૧. નકારમાં**

**૨. નકારમાં**

**૩. નકારમાં**

**૪. આખરી હુકમ મુજબ.**

**૯. ઉપરોકત મુદ્દાઓના મારા નીર્ણયો માટેના કારણો નીચે મુજબ છે.**

**–:: કા ર ણો ::–**

**મુદ્દા નંબર ૧ થી ૩ :–**

**સદરહું દાવાના કામનું રજૂ થયેલ રેકર્ડ ઘ્યાને લેતાં** તથા **મુદ્દા નંબર ૧ થી ૩ ઘ્યાને લેતાં મુદ્દા નંબર ૧ થી ૩ ની હકીકત એક બીજા સાથે સંકળાયેલ**

**હોવાથી** એક ની એક હકીકતોનું પુનરાવર્તન અટકાવવા સારું એકી સાથે ચર્ચા કરવાનું મુનાસીબ માનેલ છે.

**સદરહુ દાવાના કામમાં વાદીની દાવાઅરજી ધ્યાને લેતા વાદી એવા કેસ સાથે આવેલ છે કે,** સને ૨૦૧૧ના અરસામાં પ્રતીવાદીને તેમના અંગત કારણોસર નાણાની જરુરીયાત પડતાં વાદી પાસેથી નાણાની માંગણી કરેલી જેથી વાદીએ મિત્રતના સબંધોના કારણે તારીખ–૨૧/૦૭/૨૦૧૧ના રોજ રુપીયા ૨,૦૦,૦૦૦/– અંકે રુપીયા બે લાખ પુરા વાદીની સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, મણીનગર શાખાના ચેક નંબર–૩૮૩૧૮૬ થી હાથ ઉછીના પ્રતીવાદીને આપેલા અને પ્રતીવાદીએ સદરહુ રકમ ટુંક સમયમાં ચુકવી આપવાનો વાયદો કરેલ પરંતુ પ્રતીવાદીની આર્થિક સ્થીતી દિવસે દિવસે બગડતી ગયેલી તેથી વાદીની ખરી અને કાયદેસરની રકમ ચુકવી આપેલ નહી ઉલટાનુ ત્યારબાદ પણ પ્રતીવાદીએ વાદી પાસેથી બે બખત ટુકડે ટુકડે રુપીયા ૨,૭૫,૦૦૦/– તથા રુપીયા ૨,૭૫,૦૦૦/– તેમજ બીજા વધારાના રુપીયા ૩,૦૦,૦૦૦/– અંકે રુપીયા ત્રણ લાખ એમ મળી કુલ રુપીયા ૧૦,૫૦,૦૦૦/– અંકે રુપીયા દશ લાખ પચાસ હજાર પુરા હાથ ઉછીના લીધેલા અને તેની પહોંચ કરી આપેલી એટલુ જ નહી પ્રતીવાદીએ વાદીને તેમની માલીકી કબજા ભોગવટાનુ ગાંધીનગર ખાતે ૭૬૪, એમ.આઈ.ઝી સ્કીમ, સેકરટ–૨૭ ખાતે આવેલ મકાન નંબર–૧૨૦૮ જી.નગર વાળુ મકાન વેચાણ આપવાની પાકી ખાત્રી અને ભરોસો આપી સદરહુ મકાન ઉપર વાદીનો પ્રથમ ચાર્જ ઉભો કરેલ અને વાદી પાસેથી રુપીયા ૧૦,૫૦,૦૦૦/– સદરહુ હકીકતે હાથ ઉછીના લીધેલ હતા. સને ૨૦૧૧ના અરસામાં પ્રતીવાદીને તેમના અંગત કારણોસર નાણાની જરુરીયાત પડતાં વાદી પાસેથી નાણાની

માંગણી કરેલી જેથી વાદીએ મિત્રતના સબંધોના કારણે તારીખ–૨૧/૦૭/૨૦૧૧ના રોજ રુપીયા ૨,૦૦,૦૦૦/– અંકે રુપીયા બે લાખ પુરા વાદીની સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયા, મણીનગર શાખાના ચેક નંબર–૩૮૩૧૮૬ થી હાથ ઉછીના પ્રતીવાદીને આપેલા અને પ્રતીવાદીએ સદરહુ રકમ ટુંક સમયમાં ચુકવી આપવાનો વાયદો કરેલ પરંતુ પ્રતીવાદીની આર્થિક સ્થીતી દિવસે દિવસે બગડતી ગયેલી તેથી વાદીની ખરી અને કાયદેસરની રકમ ચુકવી આપેલ નહી ઉલટાનુ ત્યારબાદ પણ પ્રતીવાદીએ વાદી પાસેથી બે બખત ટુકડે ટુકડે રુપીયા ૨,૭૫,૦૦૦/– તથા રુપીયા ૨,૭૫,૦૦૦/– તેમજ બીજા વધારાના રુપીયા ૩,૦૦,૦૦૦/– અંકે રુપીયા ત્રણ લાખ એમ મળી કુલ રુપીયા ૧૦,૫૦,૦૦૦/– અંકે રુપીયા દશ લાખ પચાસ હજાર પુરા હાથ ઉછીના લીધેલા અને તેની પહોંચ કરી આપેલી એટલુ જ નહી પ્રતીવાદીએ વાદીને તેમની માલીકી કબજા ભોગવટાનુ ગાંધીનગર ખાતે ૭૬૪, એમ.આઈ.ઝી સ્કીમ, સેકરટ–૨૭ ખાતે આવેલ મકાન નંબર–૧૨૦૮ જી.નગર વાળુ મકાન વેચાણ આપવાની પાકી ખાત્રી અને ભરોસો આપી સદરહુ મકાન ઉપર વાદીનો પ્રથમ ચાર્જ ઉભો કરેલ અને વાદી પાસેથી રુપીયા ૧૦,૫૦,૦૦૦/– સદરહુ હકીકતે હાથ ઉછીના લીધેલ હતા. **હવે, ભારતીય પુરાવાના કાયદાની કલમ–૧૦૧ ધ્યાને લેતા** વાદીએ તેમની દાવાઅરજીમાં જણાવેલ ઉકત હકીકતો પુરવાર કરવાની જવાબદારી વાદી ઉપર આવેલ છે તેમ છતાં હાલના દાવાના કામમાં વાદી તરફે તેમની દાવાઅરજીમાં પ્રતીપાદીત કરેલ હકીકતોને પુરવાર કરવા માટે મૌખીક પુરાવો રજુ કરેલ નથી કે તેમની દાવાઅરજીમાં જણાવેલ હકીકતે પ્રતીવાદીને ચેકથી નાણા આપ્યાની હકીકત પુરવાર કરવા માટે તથા રોકડા નાણા ચુકવ્યા બાબતે પ્રતીવાદીએ વાદીને

પહોંચો લખી આપેલાની હકીકત પુરવાર કરવા માટે વાદી તરફે દસ્તાવેજી પુરાવો રજુ કરેલ નથી. આમ, વાદી તેમની દાવાઅરજીમાં જણાવેલ હકીકતો ભારતીય પુરાવાના કાયદાની કલમ–૧૦૧ મુજબ પુરવાર કરી શકેલ નથી તેવુ આ અદાલતનુ માનવુ છે. આ ઉપરાંત પ્રતીવાદીએ તેમના આંક–૨૦ના મૌખીક પુરાવામાં જણાવેલ હકીકતોને પણ વાદી તરફે ઉલટતપાસ કરીને પડકારેલ નથી. આમ, પુરાવાની સદરહુ મુલવણી તથા ભારતીય પુરાવાના કાયદાની કલમ–૧૦૧ ધ્યાને લેતા વાદી તેમની દાવાઅરજની હકીકતો પુરવાર કરી શકેલ ન હોવાથી **મુદ્દા નંબર–૧ થી ૩ નો જવાબ " નકાર " માં આપી આપી મુદ્દા નંબર–૪ પરત્વે આખરી હુકમ નિચે મુજબ કરુ છુ.**

**–:: આખરી હુકમ ::–**

– **સ્પેશ્યલ દિવાની મુકદ્દમા નંબર–૨૬૩/૨૦૧૪નો** વાદીનો દાવો **નામંજુર યાને કે રદ કરવાનો** હુકમ કરવામા આવે છે.

– ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

– હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

આજ રોજ **તારીખ ૨૫ માર્ચ, ૨૦૧૯ ના** રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યા.

**<u>ગાંધીનગર</u>**
**તારીખ–૨૫/૦૩/૨૦૧૯** **(ઝફ્રુલ્લાખાન અતાઉલ્લાખાન સિંધી )**
**યુ.આઈ.સી. નં. જીજે૦૦૬૪૭**
**બીજા એડીશનનલ સીનીયર સીવીલ જજ,**
ગાંધીનગર...